# ગાંધીનગર જિલ્લાના મહેમાન બનેલા યાયાવર પક્ષી ગ્રેટર ફ્લેમિંગો

**ગુજરાતીમાં મોટો હંજ નામે ઓળખાતા ત્રણ સો થી વધુ પક્ષી આવ્યાં હતાં ફોટા સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં નાગરિકો ઉમટતા પક્ષીઓ પરેશાનીનો ભોગ બની અન્યત્ર જવા લાગ્યા : સેલ્ફી લેવાના ચક્કરમાં પક્ષીઓને હેરાનગતિ**

ગાંધીનગર તા.૨૪

ગાંધીનગર જિલ્લો શરુઆતથી જ પ્રવાસી યાયાવર પક્ષીઓ માટે પસંદગીનું સ્થળ બની રહ્યો છે. અત્યારે ગાંધીનગર જિલ્લાના



કલોલ શહેરની આસપાસના પાણીવાળા વિસ્તારમાં મોટી સંખ્યામાં પરદેશી ગ્રેટર ફ્લેમિંગો એટલે કે મોટો હંજ નામના પક્ષીઓ મહેમાન બનેલા જોવા મળી રહ્યાં છે. જોકે અત્યંત સુંદરતા ધરાવતા આ પક્ષીઓ નિહાળવા માટે સ્થાનિક તથા આસપાસના વિસ્તારના નાગરિકો ઉમટી રહ્યાં છે અને મોબાઈલમાં ફોટો કે સેલ્ફી લેવાના મોહમાં જે રીતે પક્ષીઓને વારંવાર હેરાનગતિ પહોંચાડવાની પગલે આ મહેમાન પક્ષીઓની સંખ્યા જેટલી ઝડપથી વધી હતી તેટલી જ ઝડપથી ઘટી રહી છે.

ગાંધીનગરના કલોલની આસપાસના વિસ્તારમાં છેલ્લાં પંદરેક દિવસથી મોટી સંખ્યામાં પ્રવાસી પક્ષીઓ જેમાં ખાસ કરીને ગ્રેટર ફ્લેમિંગો ઉમટી પડ્યાં હતાં. આ અંગેના ફોટા સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં જ વાઈલ્ડલાઈફ લવર્સ અને બર્ડ વોચર્સ ઉપરાંત સ્થાનિક તથા અમદાવાદ ગાંધીનગર સહિતના નાગરિકો શનિ રવિની રજાઓમાં તેમજ ચાલુ દિવસે વહેલી સવારે મોટી સંખ્યામાં ઉમટી પડતાં પ્રવાસી પક્ષીઓની રહેણીકરણી પર અસર થઈ રહી છે. પક્ષીઓને નિહાળવા ઉમટી પડેલા નાગરિકો પૈકી કેટલાક નાગરિકો દ્વારા આ પક્ષીઓની ખુબજ નજીક જઈને ફોટોગ્રાફી કરવાનો પ્રયાસ કરવા ઉપરાંત મોબાઈલમાં સેલ્ફી લેવાના ચક્કરમાં પક્ષીઓ પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

કેટલાક ઉત્સાહીઓ દ્વારા પોતાની સેલ્ફીમાં આ પક્ષીઓ ઊડતાં દેખાય તે માટે પથ્થર મારીને પક્ષીઓને વારંવાર ઉડાડવામાં આવે છે તેવું જાણવા મળ્યું છે કેમ કે ગ્રેટર ફ્લેમિંગો ઉડતી વખતે



ખુબજ નયનરમ્ય દેખાતા હોય છે. આ રીતે વારંવાર પક્ષીઓને ઉડાડવાની તેમજ તેમના નજીક જવાની પ્રવૃત્તિને કારણે પક્ષીઓ પરેશાનીનો ભોગ બનીને સ્થળ છોડી રહ્યાં હોવાનું અનુભવાઈ રહ્યું છે કેમ કે શરુઆતમાં આ પક્ષીઓની સંખ્યા ત્રણસોથી વધુ જણાતી હતી તે હવે માત્ર ૪૦-૫૦ની રહી જવા પામી છે. બાકીના પક્ષીઓએ અન્યત્ર સ્થળે સ્થળાંતર કરી લીધું છે. આ સ્થિતિને જોતાં યાયાવર પક્ષીઓના વિઘ્નરહિત વસવાટ માટે પરેશાની રૂપ બનતા તત્વો સામે કાર્યવાહી કરાય અને નિયંત્રણો મુકાય તે જરૂરી બન્યું છે.

## ગ્રેટર ફ્લેમિંગોની ઉડાન સાથે તેનું ટેકઓફ-લેન્ડિંગ પણ અત્યંત સુંદર

ગાંધીનગરના કલોલની આસપાસના વિસ્તારમાં મહેમાન બનેલા યાયાવર ગ્રેટર ફ્લેમિંગો એટલે કે મોટો હંજ નામના પક્ષી સામાન્ય રીતે ૧૨૫ થી ૧૪૫ સેન્ટિમીટરની ઊંચાઈ ધરાવતા હોય છે તેમજ આ પક્ષીઓનો ખોરાક જીવડાં, પતંગિયા અને લીલ તથા તેમાં રહેલા જંતુઓ વગેરે છે. આ પક્ષી જ્યારે પાણીમાંથી બહાર આવ્યાં પછી ભીની થયેલી પોતાની પાંખ પોહળી કરીને સૂકવતાં હોય છે ત્યારે તેની પાંખ પર બનેલી ડિઝાઈન ખૂબ જ નયનરમ્ય ભાસે છે. આ ઉપરાંત ગ્રેટર ફ્લેમિંગોની ઉડાન સાથે તેનું ટેકઓફ અને લેન્ડિંગ પણ અત્યંત સુંદર હોય છે જેને કેમેરામાં ક્લિક કરવા માટે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ તત્પર હોય છે.

# શહેરના નબીરાએ ધુમ સ્પીડે કાર દોડાવતા અકસ્માત સર્જાયો

**અકસ્માતમાં કાર ચાલકનો આબાદ બચાવ, કારનો ખુડદો બોલી ગયો, ડીવાઈડર પર વિજપોલ તોડી કાર પલ્ટી મારી ગઈ**

શહેરના ઘ-૩ થી ગ-૩ તરફ જતા માર્ગ પર ગતરાત્રીના સુમારે કાર ચાલક યુવકે કાબુ ગુમાવતા રોકેટ ગતિએ કાર હંકારતા યુવકે કાર પરનો કાબુ ગુમાવી દીધો હતો. કારની જોરદાર ટક્કરને પગલે જતા તેનો ખુડદો બોલી ગયો હતો.જયારે અકસ્માતમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો



અકસ્માત સર્જાયો હતો. કાર ડિવાઈડર અને વિજપોલ સાથે ધડાકાભેર અથડાઈને ગુલાંટી મારી ગઈ હતી. અકસ્માતમાં નવી કારનો ખુડદો બોલી ગયો હતો. જો કે સદનસીબે કાર ચાલક યુવકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતને પગલે આસપાસના વસાહતીઓ પણ દોડી આવ્યા હતા. જયારે થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના ઘ-૩ થી ગ-૩ તરફ જતા માર્ગ પર નવી નક્કોર નંબર વિનાની ટોયોટા ઈટીયોસ લઈને નીકળેલા યુવકે કાર દોડાવી હતી. વિજપોલ તુટીને નીચે પડી ગયો હતો.જયારે કાર બે થી ત્રણ ગુલાટી મારી ગઈ હોવાનું પ્રત્યક્ષદર્શીઓ



કહી રહ્યા હતા. અકસ્માતના અવાજ થી સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા. બનાવમાં કાર પલ્ટી હતો. જયારે અકસ્માત સ્થળ પર ટોળુ એકઠું થતા કાર ચાલક યુવક નાસી ગયો હતો. બનાવ અંગે પોલીસે કાર ચાલક યુવક સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

## ખૂણેખાંચરેથી

- કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની ૨૮મીએ ખાસ બેઠક રાજ્ય સરકારે બોલાવી છે.
- ભાજપની મળનારી પ્રદેશ કારોબારીની વર્ચ્યુઅલ બેઠકમાં કોરોનાની સરકારે કરેલી કામગીરીને બિરદાવતા પ્રસ્તાવો પસાર કરાશે.
- હું ગુજરાતી બોલી શકુ છુ અને સમજી પણ શકુ છુ એટલુ જ નહિ થોડુ-થોડુ લખી પણ શકુ છુ. આ શબ્દો નવા વરાયેલા જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે ચાર્જ સંભાળ્યા પછી કહ્યા હતા.
- જિલ્લાના ૧૫ થી વધુ તબીબી અધિકારીઓને “લક્ષ્ય આધારિત ગુણવત્તાસભર સેવાઓ”ને લઈ જિલ્લા આરોગ્ય તંત્રએ ખાસ તાલિમનું આયોજન કર્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે ૪ થી ૬ દરમ્યાન પડેલા બે મી.મી. જેટલો વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.
- જિલ્લા ખેતીવાડી વિભાગની ટીમે આજે ગાંધીનગર તાલુકાના માધવગઢ ગામની મુલાકાત લઈ કોબીજની ખેતી અંગેની ફરિયાદો વૈજ્ઞાનિકોની ટીમ સાથે તપાસી હતી.
- ગાંધીનગર મહાનગર, જિલ્લો અને અમદાવાદ જિલ્લાના ભાજપના કાર્યકરોનું આજે ઈ.ચિંતન સત્ર યોજાશે આ સત્રમાં સાંસદ રમીલાબેન બારા જોડાવાના છે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૭૫ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ

ગાંધીનગર, ત.૨૪

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં ૭૫ લાભાર્થીને ૩ કિ.ગ્ર. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે માસ્ક પણ આપવામાં આવ્યા હતા. કુલ ૩ ગામના લાભાર્થી આવ્યા હતા. આ સેવાકાર્યમાં પ્રમોદભાઈ દવે, અમૃતભાઈ પ્રજાપતિ, શારદુલ તથા મિલિન્દભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાટ જર્મન વેન્યા બંગ્લોઝમાં ૧૮ લાખની ચોરી

**સોના-ચાંદીના દાગીના, સોનાના બિસ્કીંટ અને ૭ લાખ રોકડા મળી કુલ ૧૮,૦૮,૮૦૦ ની મત્તાની ચોરી**

ગાંધીનગર,તા.૨૪

ભાટ વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. ભાટ જર્મન હોટલ પાછળના ભાગે આવેલા જર્મન વેન્યા બંગ્લોઝમાં રૂ.૧૮ લાખની ચોરી થવા પામી છે. રાત્રીના સુમારે બંગ્લોઝ નં.૪ માં તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરોએ સ્લાઈડર બારીની ગ્રીલના સળીયા કાંપી અંદર પ્રવેશી બેડરૂમમાં રહેલી લોખંડની તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, સોનાના બિસ્કીંટ અને રૂ.૭ લાખ રોકડા મળી કુલ રૂ. ૧૮,૦૮,૮૦૦ની મત્તાની ચોરી થતા સ્થાનિક રહીશોમાં પણ ભયનો માહોલ છવાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ જર્મન હોટલની પાછળના ભાગે આવેલા જર્મન બંગ્લોઝ નં.૪ ખાતે રહેતા લક્ષ્મણભાઈ નેભનદાસ ટીંડવાની (ઉં.૬૪) પોતાના પરિવાર સાથે રહે છે અને સૈજપુર બોઘા ખાતે સીપ્લેક્ષ નીંટીંગ ઈન્ડસ્ટ્રીના નામે ગંજીના કાપડ બનાવવાની ફેકટરી ધરાવે છે. ગતરોજ રાત્રીના ૧૦.૩૦ વાગે ફરીયાદી તેમજ તેમનો દિકરો સંદિપ જમીને બેડરૂમમાં જઈ સુઈ ગયા હતા. જયારે સવારે ૫ વાગે સંદિપ ઉઠીને તેના પપ્પાને રૂમમાં જઈને કીધુ કે મારા બેડરૂમનો દરવાજો ખુલ્લો છે અને ચોરી થઈ હોવાનું લાગી રહ્યું છે. જેથી ફરીયાદી તેમના પત્ની અને પુત્રએ ઘરમાં તપાસ કરતા બેડરૂમાં મુકેલી લોખંડની તિજોરીમાંથી એક બ્રાઉન કલરનો થેલો અને સોના ચાંદીના દાગીના સહિત સોનાના બિસ્કીંટ ગાયબ હતા. ત્યારે રાત્રીના સમયે પરિવાર બંગ્લોઝમાં ગાઢ નીંદરમાં હતો તે સમયે તસ્કરો ઘરમાં ઘુસીને કળા કરી ગયા હતા. તસ્કરો મકાનના આગળના દરવાજા પાસે આવેલી સ્લાઈડર બારીની ગ્રીલના સળીયા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમા રહેલા લાકડાના કબાટમાંથી લોખંડની તિજોરી માં મુકેલા રૂ. ૯.૬૦ લાખના ૨૦૦ ગ્રામ વજનના સોનાના બિસ્કીંટ નંગ-૨, રૂ.૪૮ હજારની એક તોલાની સોનાની ચેઈન, રૂ.૪૮ હજારનું એક તોલા સોનાનું બ્રેસલેટ ડાયમંડવાળુ, રૂ.૨૪ હજારનું અડધા તોલાનું સાદુ બ્રેસલેટ, રૂ.૧૪,૪૦૦ ની સોનાની સફેદ ડાયમંડવાળી વીટીં ત્રણ ગ્રામ વજનની, રૂ.૧૪, ૪૦૦ સોનાની વીંટી ત્રણ ગ્રામ વજનની તેમજ બ્રાઉન કલરના પાકિટમાં મુકેલા રોકડા રૂ.૭ લાખ લઈ ચોર ઈસમો ફરાર થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે તજવીજ હાથ ધરી છે.

# આમ આદમી પાર્ટીના ગાંધીનગર જિલ્લા કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ગાંધીનગરના સરગાસણ ખાતે આજરોજ આમ આદમી પાર્ટીના જિલ્લા કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ અને શહેરના અનેક કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીના ખેસ અને ટોપી પહેરી પાર્ટીમાં જોડાયા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વિશ્વજીત દેસાઈ અને શહેરના યુવા પ્રમુખ મુકેશ ચૌધરી, ગુંજન પ્રજાપતી, સુનિલ પટેલ તેમજ કલોલ, માણસા, દહેગામ અને




જિલ્લા કાર્યાલયનું ઉદ્‌ઘાટન આમ આદમી પાર્ટીના ગુજરાત સહ પ્રભારી રાજેશભાઈ શર્મા અને પાર્ટીમાં નવ નિયુક્ત ગુજરાત યુવા પ્રદેશ પ્રમુખ મહિપતસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા અમદાવાદના ઝોન પ્રભારી શિવકુમાર ઉપાધ્યાય, સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ, અમદાવાદ શહેર પ્રમુખ જે.જે. મેવાડા, ગાંધીનગર શહેર પ્રમુખ જીતુભાઈ, જિલ્લા યુવા પ્રમુખ ગાંધીનગર તાલુકાના પ્રમુખો, મહીલા જિલ્લા પ્રમુખ સિમાબેન કવિ તથા મહીલા અને ગાંધીનગર જિલ્લા ટીમ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચરતી વિમુકત જાતિ વિભાગના ઉપપ્રમુખ તરીકે મનુભાઈ રાવળની પસંદગી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચરતી વિમુકત જાતિ વિભાગના ઉપપ્રમુખ તરીકે ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામના વતની મનુભાઈ જુગાભાઈ રાવળની પસંદગી કરવામાં આવી છે. આ વિભાગમાં ગાંધીનગર જિલ્લામાંથી કોંગ્રેસના કર્મઠ કાર્યકરની નિમણુંક કરવામાં આવતા સમગ્ર જિલ્લાના કાર્યકરો અને આગેવાનોએ આનંદની લાગણી વ્યકત કરી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચરતી વિમુકત જાતિ વિભાગના ઉપપ્રમુખ તરીકે ગાંધીનગર નજીક ઉવારસદ ગામના વતની મનુભાઈ જુગાભાઈ રાવળની નિમણુંક કરવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હિમાંશુ પટેલની ભલામણથી કરાયેલી આ નિમણુંક અંગે મનુભાઈ રાવળ એ જણાવ્યું કે સમગ્ર રાજયમાં આવેલી વિચરતી વિમુકત જાતિના ભાઈ બહેનોના ઉત્થાન અને વિકાસ માટે કાર્ય કરતા રહેશે.જયારે પ્રદેશ કક્ષાએ તક આપવા બદલ પ્રમુખ અમિતભાઈ ચાવડા અને મહામંત્રી હિમાંશુ પટેલનો આભાર વ્યકત કર્યો હતો.



કોરોના મહામારીની ત્રીજી લહેરને રોકવા માટે ગુજરાત સરકાર દ્વારા વેક્સિનેશન કામગીરીને ખુબ જ સઘન બનાવાઈ છે. જે અંતર્ગત ગાંધીનગરમાં પણ રસીકરણ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ રસીકરણ અભિયાનમાં ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ અને પ્રગતિ લારી પાથરણા મંડળના પ્રમુખ શહેરના પરપ્રાંતિય અગ્રણી તુલસીભાઈ માલી ચોળાફળીવાળાએ સેક્ટર-૬માં રોહિદાસ સમાજભવન ખાતે ચાલી રહેલા વેક્સિનેશન કેન્દ્ર ખતે કોરોના પ્રતિરોધક રસી મુકાવી શહેરના પરપ્રાંતિય નાગરિકોને પણ રસી લેવા માટે અનુરોધ કરી પ્રેરિત કર્યા હતાં.

# આશ્કા હોસ્પિટલ પાસે બુલેટ-પ્લેઝર વચ્ચે અકસ્માત

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર આશ્કા હોસ્પિટલ પાસે ગતરોજ રાત્રીના સમયે બુલેટ અને પ્લેઝર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. રીલાયન્સ ચોકડી તરફથી પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં આવી રહેલા પ્લેઝર ચાલકે બુલેટને સામેથી અથડાવતા બુલેટ ચાલક નીચે પડી જતા ઈજા પહોંચી હતી. બુલેટ ચાલકને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા.ત્યારબાદ વધુ સારવાર માટે તેઓને ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. બનાવ અંગે બુલેટ ચાલકના પત્નીએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ધરણીબેન મયુરકુમાર સોની (ઉં.૨૫) એ નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ કુડાસણ જય યોગેશ્વર સોસયાટી ખાતે સી-૫૦૨ ખાતે રહે છે. તેમના પતિ સહજાનંદ લેઝર ટેકનોલોજી સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે ફરજ બજાવે છે. જયારે મયુર કુમાર સોની નોકરીએ આવન જાવન માટે બુલેટ નં. જી.જે.૧૮.ડી.એલ.-૨૦૫૬ નો ઉપયોગ કરે છે.ગત તા.૨૨ ના રોજ રાત્રીના રોજ ધરણીબેન ઘરે એકલા હતા તે સમયે તેના સંબંધીનો ફોન આવ્યો હતો અને કહ્યું હતુ કે મયુરભાઈને રીલાયન્સ ચોકડી પાસે અકસ્માત થયો છે. તેઓને ગાંધીનગર સિવિલ ખાતે પ્રાથમિક સારવાર કરી અમદાવાદ ખાતે રીફર કર્યા છે. જેથી ફરીયાદી અમદાવાદ સિવિલ ગયા હતા જયાં તેમના પતિની સારવાર ચાલુ હતી અને તેઓ ભાનમાં ન હતા. તે સમયે અકસ્માત અંગે પુછતા ચંદ્રવદનભાઈએ જણાવ્યું હતું કે મયુરભાઈ નોકરીથી ઘરે આવી રહ્યા હતા તે સમયે આશ્કા હોસ્પિટલ થી રીલાયન્સ ચોકડી તરફ એક પ્લેજર નં. જી.જે.૦૯એ.આર.-૨૧૪૪ ના ચાલકે તેનું પ્લેઝર રોંગ સાઈડમાં ચલાવી મુયરભાઈના બુલેટ સાથે અથડાતા અકસ્માત થયો હતો.જેથી તેઓ નીચે પડી જતા માથાના ભાગે ઈજા પહોંચી હતી. જેને પગેલ ઈજાગ્રસ્તને ગાંધીનગર સિવિલ અને વધુ સારવાર માટે અમદાવાદ તેમજ ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા છે. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# એક દિવસ પ્રકૃતિને સમર્પિત કરવા પ્રેરિત કરતો પર્યાવરણ રથ

ગાંધીનગર, તા.૨૪

વિશ્વ સમુદાયને જલવાયું પરિવર્તનના ભયંકર પરિણામોથી બચાવવા અને ભારત દેશની આર્થિક સ્થિતિ મજબૂત કરવા સાથે પર્યાવરણ બચાવવા નદી, તળાવ - સરોવરને પુનઃજીવિત કરવા અને કેમિકલ્સમુક્ત સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા સાથે મનુષ્યને આરોગ્યપ્રદ ખોરાક, પશુ-પક્ષીઓના રહેવાની વ્યવસ્થાનસહિતના ઉમદા હેતુથી ગાંધીનગર જિલ્લાના સેવા કરવાનો છે જેમાં કોઈપણ જાતના ચાર્જ વગર નિઃશુલ્ક વૃક્ષો વાવવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે, જે સંસ્થાના સ્વયંસેવકો દ્વારા અવિરતપણે




કલોલ ખાતેના એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાઈ રહેલા વડના વૃક્ષોનું વાવેતર કરવાના અભિયાન અંતર્ગત પર્યાવરણ રથ ચલાવવામાં આવી રહ્યો છે.

પર્યાવરણ રથનો મુખ્ય ઉદ્દેશ વધુમાં વધુ સ્થળોએ વડ, પીપળ, ઉમરા જેવા લાંબુ આયુષ્ય ધરાવતા ઘટાદાર વૃક્ષો વાવીને પ્રકૃતિની બની શકે તેટલી ચાલુ રાખવાનો નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો છે. આ સંસ્થા દ્વારા ‘દરેક દિવસ પર્યાવરણ દિવસ’ના રૂપમાં મનાવીને વૃક્ષો વાવવા ઉછેરવા અને વૃક્ષોને પાણી આપવાનું કાર્ય આખા વર્ષ દરમ્યાન ચલાવીને અને ગ્રીન ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા પ્રયાસ કરવા દરેક નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# લીકર પરમીટ માટે ચાલુ વર્ષે ૨૧૯ નાગરીકોએ મેડીકલ તપાસ કરાવી

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે રાજયમાં દારૂબંધી હોવાથી લીકર પરમીટ લેવા માટે નાગરીકો હવે વધુ ઈચ્છુક બન્યા હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર સિવિલમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૨૧૯ વ્યકિતઓએ લીકર પરમીટ માટે મેડીકલ તપાસ કરાવી છે. જયારે વર્ષ ૨૦૧૯માં ૬૨૭ અને ૨૦૨૦ માં ૫૧૯ વ્યકિતઓએ દારૂની પરમીટ માટે હેલ્થ કલીયરન્સ સર્ટીફિકેટ માટે આવ્યા હતા.

મળતી માહિતી મુજબ લીકર પરમીટ માટે હવે ઓનલાઈન અરજી કરવામાં આવે છે. જયારે પહેલા પરમીટ ફોર્મ માટે માત્ર ૫૦ વસુલવામાં આવતા હતા. તે વધારીને રૂ.૨ હજાર કરી દેવામાં આવ્યા છે.જયારે મેડીકલ હેલ્થ ચેકઅપ ફી પણ રૂ.૨ હજાર કરી દેવામાં આવી છે.રાજયના સ્વાસ્થય આધારો પર દારૂની પરવાનગી મેળવવા માટે કડક નિયમોની અમલવારી શરુ કરી છે. આરોગ્ય કારણોસર દારુની પરમીશન મેળવવા માટે વિવિધ જિલ્લાના વ્યકિતએ સંબાંધિત બોર્ડનો ઉપયોગ કરવો પડે છે. ડીપ્રેશન, અનિંદ્રા જેવા રોગમાં અને શારીરીક તકલીફ માટે આલ્કોહોલની જરુર પડતી હોય છે. ત્યારે ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં પણ ત્રણ વર્ષ અગાઉ લીકર પરમીટના આરોગ્ય સર્ટીફિકેટ માટે નાગરીકોની લાંબી લાઈનો લાગતી હતી. પરંતુ હાલ ગાંધીનગરમાં લીકર પરમીટ ધારકોમાં વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં ૬૨૭ વ્યકિતઓએ લીકર પરમીટ માટે અરજી કરતા મેડીકલ પરિક્ષણ માટે ગાંધીનગર સિવિલ આવ્યા હતા. જયારે વર્ષ ૨૦૨૦માં ૫૧૯ વ્યકિત એ માત્ર આરોગ્ય સર્ટીફિકેટ માટે અરજી કરી હતી. જયારે હાલ ચાલુ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૨૧૯ વ્યકિતઓ લીકર પરમીશન માટે હેલ્થ ચેકઅપ માટે ગાંધીનગર સિવિલમાં અરજી કરી હેલ્થ પરિક્ષણ કરાવ્યું છે.